# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

## પરિપત્ર

જા. નં. ૩૭૯/૧૬-૧૭ તા.31/03/2017

### ભારત સરકારના તા.07-03-2017ના ઓએમને આધારે પ્રોવિડન્ટ ફંડ ઉપાડ તથા એડવાન્સના ધોરણોમાં સુધારા બાબત

ભારત સરકારના Ministry of Personnel, PG & Pensions Department of Pension & Pensioner's Welfare વિભાગના OM No 3/2/2017-P&PW(F)(i) તથા OM No 3/2/2017-P&PW(F)(ii) તા.07/03/2017 દ્વારા પ્રોવિડન્ટ ફંડ ઉપાડ તથા એડવાન્સના ધોરણોમાં સુધારા કરવામાં આવ્યા છે તે ધોરણે ગૂજરાત વિદ્યાપીઠના જે વિભાગોના સેવકોના પ્રોવિડન્ટ ફંડ વિદ્યાપીઠ પાસે છે તેમને માટે આ સુધારા લાગુ કરવામાં આવે છે. આ સુધારાનો ટૂંકસાર નીચે મુજબ છે. આ સુધારાને આધારે પ્રોવિડન્ટ ફંડ ઉપાડ તથા એડવાન્સના ફોર્મમાં સુધારા કરવામાં આવ્યા છે. વધુ માહિતી માટે ભારત સરકારની વેબસાઇટ ઉપર આ બન્ને ઓએમ મુકેલા છે તે જોવાના રહેશે.

અ. ઉપાડ

સેવકની સેવાના દશ વર્ષ પૂરા થાય પછી નીચેના હેતુઓ માટે નીચે દર્શાવેલ વિગતે ઉપાડ મેળવી શકશે.

| ક્રમ | ઉપાડ માટેના હેતુ | મહત્તમ મળવાપાત્ર રકમ | નોંધ |
|---|---|---|---|
| 1. | તમામ પ્રકારનું શિક્ષણ | 1. 12 મહિનાનો પગાર અથવા જમા રકમના 75% બેમાંથી જે ઓછું હોય તે<br>2. માંદગીના કારણોસર 90 ટકા સુધી ઉપાડ મંજૂર કરી શકાશે. | સેવાના દશ વર્ષ પૂરા થાય પછી ઉપાડનો લાભ મળી શકશે. |
| 2. | વિવાહ, લગ્ન, અંતિમ સંસ્કાર કે અન્ય અનિવાર્ય પ્રસંગોએ કરવા પડતા ખર્ચ | | |
| 3. | પોતાની તથા પરિવારના સભ્યની કે આશ્રિતની માંદગી | | |
| 4. | ઘરમાટે ખરીદવામાં આવતા ઉપકરણો | | |
| 5. | સેવકના રહેઠાણના હેતુ માટે મકાન બાંધકામ, તૈયાર મકાનની ખરીદી, બાકી મકાન લોનની ચુકવણી, મકાન બાંધકામના હેતુ માટે જમીન ખરીદવા, સેવકના કે વારસામાં મળેલા મકાનમાં | જમા રકમના 90 ટકા સુધી. | |

| | | | |
|---|---|---|---|
| | સુધારા, વધારા તથા મરામત માટે. | | |
| 6. | મોટરકાર/સ્કુટર/મોટર સાયકલની ખરીદી, તે ખરીદવા લીધેલી લોનની ચુકવણી, મોટાપાયે કરવામાં આવતી વાહન મરામત તથા વાહનના બુકિંગ માટે | 12 મહિનાનો પગાર અથવા જમા રકમના 75% બેમાંથી જે ઓછું હોય તે | સેવાના દશ વર્ષ પૂરા થાય પછી ઉપાડનો લાભ મળી શકશે. |

બ. એડવાન્સ

1 સેવક નીચેના હેતુ માટે પ્રોવિડન્ટ ફંડ સામે એડવાન્સ મેળવી શકશે.

1) પોતાની તથા પરિવારના સભ્યની કે આશ્રિતની માંદગી માટે
2) પરિવારના સભ્યાના કે આશ્રિતના કોઇપણ પ્રકારના શિક્ષણ માટે
3) વિવાહ, લગ્ન, અંતિમ સંસ્કાર કે અન્ય અનિવાર્ય પ્રસંગોએ કરવા પડતા ખર્ચ
4) કાનૂની કાર્યવાહી માટે
5) સ્વબચાવ માટે
6) ઘરમાટે ખરીદવામાં આવતા ઉપકરણો માટે,
7) યાત્રા તથા મહત્વના સ્થળોએ પ્રવાસ માટે

2. એડવાન્સ રકમની મર્યાદા તથા વસુલાતનો સમયગાળો

સેવકનો 12 માસનો પગાર અથવા સેવકના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા સેવકફાળાની રકમના 75 ટકા બેમાંથી જે ઓછું હોય તેટલી રકમ એડવાન્સ તરીકે ચુકવી શકાશે. જે મહત્તમ 60 (સાઇઠ) હપ્તામાં વસુલવામાં આવશે.

ક. ઉપાડ તથા એડવાન્સ માટે કોઇપણ પ્રકારના દસ્તાવેજી પુરાવાની જરૂરીઆત રહેશે નહિ માત્ર સેવક દ્વારા આપવામાં આવતા બાંયધરીપત્રને આધારે ચુકવવાનું રહેશે.

31/3/17

અમદાવાદ
(રાજેન્દ્ર ખીમાણી)

તા.31/03/2017
કુલસચિવ